## ઈ-ગ્રામ યોજનાનો પરિચય

ગુજરાતના ગ્રામજનોને વિશ્વજનોની હરોળમાં લાવવા વર્તમાન ગુજરાત સરકાર કટિબધ્ધ છે. અને એટલે ગુજરાતના ગામડાઓનું આધુનિકરણ કરી લોકોના જીવનમાં કોમ્પ્યુટર ધ્વારા નુતન પ્રભાતના અજવાળાં પાથરવાનું ધ્યેય નકકી કર્યું છે એ માટે ઈ-ગ્રામ વિશ્વગ્રામનો મેઘધનુષી આદર્શ રજુ કરી એને અમલમાં મુકયો છે.

કોમ્પ્યુટરોથી ધબકતાં શહેરોની હરોળમાં હવે ગામડાઓ પણ આવવા લાગ્યાં છે. ગુજરાત સરકાર ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોને સચિવાલય, ગાંધીનગર સાથે કોમ્પ્યુટરની મદદથી ઈન્ટરનેટ/ઈન્ટ્રાનેટ નેટવર્ક ધ્વારા સાંકળી રહેલ છે.

શહેરી વિસ્તારમાં ઉપલબ્ધ ઈ-સેવાઓ જેવી જ સરકારી અને ખાનગી ઈ-સેવાઓ ઘર આંગણે ગ્રામ પંચાયતો ખાતે આપવાનો રાજય સરકારે નિર્ધાર કરેલ છે. આમ, ઈ-ગ્રામ સેવા ગ્રામ પંચાયતની કચેરીનું નાભિસ્થાન બનશે. આ ઉપરાંત ગ્રામ પંચાયતની કચેરીમાં મુકવામાં આવેલ કોમ્પ્યુટર પરથી ગામના લોકોને સચોટ, સાચી, ઝડપી માહિતી અને જ્ઞાન મળી રહેશે.

### ઈ-ગ્રામ  યોજના એક નજરે

- ગ્રામકક્ષાએ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર મારફત ઈ-સેવાઓ આપવા માટેની સગવડ ધરાવતું દેશમાં એક માત્ર રાજય અને તમામ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટરની સગવડ એક અભૂતપૂર્વ સિધ્ધિ.
- અત્યાર સુધીમાં તમામ તલાટી-કમ-મંત્રીઓને કોમ્પ્યુટર તાલીમબધ્ધ કરેલ છે.
- પ્રથમ તબકકામાં મુખ્યત્વે ઈ-ગ્રામ ધ્વારા જન્મ-મરણનું પ્રમાણપત્ર, આવકનો દાખલો, જાતિનો દાખલો,ચારિત્યનું પ્રમાણપત્ર,રહેઠાણનું પ્રમાણપત્ર વગેરે અને સરકારી વિવિધ યોજનાઓના ફોર્મ્સ/અરજીપત્રકોની ઉપલબ્ધ કરેલ છે.
- માહિતીનો પ્રચાર-પ્રસાર તેમજ ત્રિ-સ્તરીય પંચાયતરાજના ચૂંટાયેલ સદસ્યશ્રીઓ અને કર્મચારી/ અધિકારીઓની તાલીમ/કેપેસીટી બિલ્ડીંગના કાર્યક્રમો માટે તમામ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત

તાલીમ કેન્દ્ર ખાતે સેટેલાઈટ આધારિત ડાયરેકટર ડિજીટલ રિસેપ્શન સિસ્ટમની વ્યવસ્થા કરેલ છે.

- ગ્રામ્ય કક્ષાએ ખેડુતને આપવાના થતાં ૭ અને ૧૨, ૮-અ તેમજ નંબર ૬ ના ઉતારા વગેરે માહિતી તાલુકા/જિલ્લા કક્ષાના સર્વર ઉપરથી ગ્રામ પંચાયત ખાતેથી આપવાની વ્યવસ્થા કરેલ છે.
- ગામના એન.આર.ઈ./એન.આર.જી. સાથે ઈન્ટરનેટના ઉપયોગથી સાયબર સેવાની ઉપલબ્ધિ, ગ્રામજનો ધ્વારા ખેત વિષયક, શૈક્ષણિક વિષયક, આરોગ્ય વિષયક માહિતીની ગ્રામ પંચાયત ખાતે ઉપલબ્ધિ.
- તમામ ઈ-ગ્રામ પંચાયત ખાતે વીજળી બીલ સ્વીકારવાની સેવાઓ પૂરી પાડવા આવેલ છે.
- ઈ-ગ્રામ પંચાયતના સફળ સંચાલન અર્થે તલાટી કમ મંત્રીના સહાયક તરીકે ગામના ખાનગી વિલેજ કોમ્પ્યુટર આંતરપ્રિન્યોરની સેવાઓ, પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ ધ્વારા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરેલ છે.
- તમામ ગ્રામ પંચાયતનું ઈન્ટરનેટ/ઈન્ટ્રાનેટ કનેકટીવીટી ધ્વારા જોડાણ એરટેલ એજન્સી ધ્વારા પૂરી પાડવામાં આવેલ છે.

<u>ઈ-ગ્રામ યોજનાના હેતુઓ</u>

- ઈ-ગ્રામ પંચાયતની વિવિધ કામગીરીને ઈન્ફોર્મેશન ટેકનોલોજીના અમલ ધ્વારા અધતન, સુવ્યવસ્થિત, સમયબધ્ધ, સરળ, ઝડપી, ક્ષતિરહિત અને પારદર્શક બનાવવી.
- ગ્રામ્યજનોને જરૂરી માહિતી, પ્રમાણપત્ર, વિવિધ કચેરીઓનાં ફોર્મ્સ, અરજીના નમુના વિગેરે ઉપલબ્ધ કરાવવા.
- શહેરમાં નાગરીકોને ઉપલબ્ધ ઈ-સેવાઓ જેવી જ ઈ-સેવાઓ તમામ ગ્રામજનોને પણ ઘરઆંગણે ઈ-ગ્રામ પંચાયત ધ્વારા પૂરી પાડવી.
- તમામ ગ્રામ પંચાયત ધ્વારા બી.પી.એલ. લાભાર્થીઓની પસંદગી વધુ પારદર્શક અને નિયમોનુસાર હાથ ધરવી.
- મિલ્કત આકારણી અને વેરા વસુલાતની કામગીરી સરળ બનાવવી.

- પંચાયત રાજની વિવિધ યોજનાઓનું આયોજન, સમીક્ષા અને અમલીકરણને વધુ અસરકારક બનાવવું.
- ઈન્ટરનેટની સુવિધા ધ્વારા છેવાડાના ગ્રામજનોને તાલુકા, જિલ્લા, રાજય, દેશ તથા વિશ્વ સાથેના જોડાણથી ગ્રામજનોના જીવન ધોરણમાં આમૂલ પરિવર્તન અને ગતીશીલતા લાવવી.

**<u>ઈ-ગ્રામ યોજનાની - વર્તમાન પરિસ્થિતી</u>**

- એન.આઈ.સી. ગાંધીનગર ધ્વારા વિકસાવવામાં આવેલ સોફ્ટવેરના ઉપયોગથી પ્રથમ તબકકામાં મુખ્યત્વે ઈ-ગ્રામ ધ્વારા જન્મ-મરણના પ્રમાણપત્રો, આકારણી વગેરે અને સરકારી વિવિધ યોજનાઓના ફોર્મ્સ/અરજીપત્રકોની ઉપલબ્ધતા.
- તમામ ગ્રામ પંચાયત ખાતે એરટેલ ઈન્ટરનેટ કનેકટીવીટીની ઉપલબ્ધતા.
- તમામ ગ્રામ પંચાયત ખાતે વી.ઓ.આઈ.પી. તથા વીડીઓ કાસ્ટીંગ/મલ્ટી કાસ્ટીંગની સવલત.
- ગ્રામ પંચાયત ખાતે ઈ-સેવાઓ પુરી પાડવા ગ્રામ કોમ્પ્યુટર સાહસીકની ઉપલબ્ધિ.
- ગ્રામ્યકક્ષાએ ખેડૂતને આપવાના થતાં ૭ અને ૧૨, ૮-અ તેમજ નંબર ૬ ના ઉતારા વગેરેની માહિતી તાલુકા/જિલ્લા કક્ષાના સર્વર ઉપરથી તમામ ઇ-ગ્રામ પંચાયત ખાતે આપવામાં આવે છે.
- એરટેલ સેવા અંતર્ગત બ્રોડબેન્ડ કનેકટીવીટી ધ્વારા વીડીયો કોન્ફરન્સ, વીડીઓ કાસ્ટીંગ/મલ્ટી કાસ્ટીંગ વગેરે સવલત થકી ખેતી વિષયક માહિતી, શૈક્ષણીક વિષયક માહિતી, આરોગ્ય વિષયક માહિતી,રોજગાર વિષયક માહિતી વગેરે તમામ ગ્રામ પંચાયત ખાતે તાલીમ આપવામાં આવે છે.
- તમામ ગ્રામ પંચાયત ખાતે ઓનલાઈન અરજીની સગવડ, ફરીયાદ નિવારણની સગવડ તેમજ જુદા-જુદા સરકારી વિભાગની નાગરીક સુવિધાઓ પ્રમાણપત્ર, ઠરાવ સુચનાઓ, વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવે છે.

- વધુમાં ખેતી વિષયક(પાકના રોગ), આરોગ્ય વિષયક(ટેલી મેડીસિન) વગેરે વિષય ઉપર વીડીઓ કોન્ફરન્સ અને નિષ્ણાંતો ધ્વારા માર્ગદર્શન તમામ ઇ-ગ્રામ પંચાયત ખાતે સમયાન્તરે આપવામાં આવે છે.
- સરકારશ્રીની જુદી જુદી યોજનાઓની ડેટા એન્ટ્રી ઓનલાઈન તમામ ગ્રામ્ય કક્ષાએથી કરવામાં આવે છે.
- આણંદ જિલ્લાની તમામ ઇ-ગ્રામ પંચાયત ખાતે વર્ષ:-૨૦૦૮-૦૯ થી વર્ષ:-૨૦૧૧-૧૨ દરમ્યાન જન્મ-મરણ વગેરે પ્રમાણપત્રોની કુલ આવક રૂ. ૪૦,૧૦,૩૩૩/- આર.ઓ.આર (૭-૧૨,૮-અ) રૂ. ૨૮,૭૩,૫૪૩/- તથા લાઇટબીલ કલેકશન રૂ. ૫૨,૭૮,૪૪૨/- થયેલ છે. ચાલુ વર્ષઃ-૨૦૧૨-૧૩ દરમ્યાન જન્મ-મરણ વગેરે પ્રમાણપત્રોની કુલ આવક રૂ. ૫,૬૪,૬૧૭/- આર.ઓ.આર (૭-૧૨,૮-અ,નં.૬) રૂ. ૧૦,૦૧,૦૪૦/- તથા લાઇટબીલ કલેકશન રૂ. ૧૧,૭૧,૮૪૭/- થયેલ છે.

<u>ભાવી આયોજન</u>

- પી.ડી.એસ. કુપન ઈ-રેશન કાર્ડ (પાયલોટ પ્રોજેકટ - ૮ ગામ).
- એસ.બી.આઈ. બેન્કીંગની સેવાઓ.
- આર.ટી.ઓ. લાઈસન્સ ફોર્મ ભરી શકાશે અને પરીક્ષા માટેનો સમય મળશે.
- પાન કાર્ડ મેળવવા માટેનું ફોર્મ ભરી શકાશે.
- બી.એસ.એન.એલ. બીલ કલેશકન તથા રીચાર્જ વાઉચરોની સેવાઓ.
- દરેક યોજના ના ફોર્મ ઈ-ગ્રામ સેન્ટરથી ઓન લાઈન ભરી શકાશે અને જે તે કચેરી/વિભાગને ઓન લાઈનથી ઝડપી વિગતો મળી શકશે.

| | |
|---|---|
|  **તાલુકો-આણંદ-વાસદ ગ્રામપંચાયત** |  તાલુકો–પેટલાદ-ફાગણી ગ્રામપંચાયત |